Extra No. 42

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **SATURDAY, JANUARY 17, 2026 / PAUSHA 27, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૧૫નો ૨૪૮/ઈએલઈ/૧૦૨૦૧૫/૫૫-૧/પી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Bombay Provincial Municipal Corporations (Conduct of Election) Rules, 1994

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક: કેવી/ ૨૦૧૫ નો ૨૪૮/ઈએલઈ/૧૦૨૦૧૫/૫૫-૧/પી:- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે નિયમો કરવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૪૫૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.-

૧. આ નિયમો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૧૫ ને બદલે નીચેનો મજકૂર મૂકવો;-

"૧૫. હરીફ ઉમેદવારોના પ્રતીકો,- (૧) રાજ્ય ચૂંટણી પંચ, રાજપત્રમાં જાહેરનામાથી, કોર્પોરેશનની ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને અધીન હોય તે નિયંત્રણોને નિર્દિષ્ટ કરશે.

(૨) કોર્પોરેશનની ચૂંટણીમાં, ચૂંટણી અધિકારીએ, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અર્થે આપેલા કોઈ સામાન્ય અથવા ખાસ આદેશને અધીન રહીને, હરીફ ઉમેદવારો દ્વારા તેમની ઉમેદવારી પત્રોમાં દર્શાવેલ પ્રતીકની પસંદગી ધ્યાનમાં લેવી જોઈશે.

(૩) રાજ્ય ચૂંટણી પંચ પોતે યોગ્ય ગણે તેવી રીતે જે કિસ્સામાં ફાળવણી સુધારે તેમાં આ અર્થે અસંગત ન હોય તે સિવાય, ઉમેદવારોને ચૂંટણી અધિકારી દ્વારા કોઈ પ્રતીકની ફાળવણી આખરી ગણાશે.

(૪) દરેક ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટને ઉમેદવારને ફાળવવામાં આવેલા પ્રતીકની તાત્કાલિક જાણ કરવી જોઈશે અને ચૂંટણી અધિકારી દ્વારા તેનો નમૂનો તેમને પૂરો પાડવો જોઈશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૯માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો ભાગ અંતે ઉમેરવો:-

"મતપત્ર પર ઉમેદવારોના નામ ગોઠવવામાં આવે તે પછી, તેની નીચે "ઉપરોક્ત (ઉમેદવાર) પૈકી કોઈ નહિ (NOTA)" એ નામ સાથેની એક કોલમ રહેશે અને તેની સામે " ∷ " નું પ્રતીક મુકરર કરવામાં આવશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૩૦ક.- મતદારોની નિશાની વાળી યાદીની વધારાની નકલ. (૧) નિયમ ૩૦ અને ૫૨-ટ-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ચૂંટણી અધિકારીએ, પ્રમુખ અધિકારીને, મતદારોની નિશાની વાળી યાદીની વધારાની નકલ પૂરી પાડવી જોઈશે અને મતદારને, મતદાન કરવાની પરવાનગી આપવામાં આવે તે પહેલાં, મતદાન અધિકારી દ્વારા આવી મતદારોની નિશાની વાળી યાદીની વધારાની નકલ પર તેની સહી અથવા અંગૂઠાની છાપ લેવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) માં ઉલ્લેખિત મતદારોની નિશાની વાળી યાદીની આવી વધારાની નકલ, મતદાન પૂર્ણ થયા પછી, પ્રમુખ અધિકારી દ્વારા એક અલગ પરબીડિયા ઉપર "મતદાન કરવાની ફરજ" એ શબ્દો લખીને તે પરબીડિયું, ચૂંટણી અધિકારીને મોકલવામાં આવશે, જે બદલામાં, મતદાર, ચૂંટણીમાં મતદાન કરવામાં નિષ્ફળ ગયો છે કે નહિ તેની ખાતરી કરવાના હેતુ માટે, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિમણૂક પામેલા મુકરર અધિકારીને તે નકલ મોકલશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૩૨ માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ)માં નીચેનો પરંતુક દાખલ કરવો-

"પરંતુ મતદાર, કોઈ કિસ્સામાં, કોઈ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં મતદાન ન કરવા માંગતો હોય, તો મતદાર, મતપત્ર પર જેમના નામ દર્શાવવામાં આવ્યા છે તેવા કોઈ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં મત ન આપવાની સ્વતંત્રતા ધરાવશે અને જો તે આમ કરવા ઈચ્છે છે, તો તે "NOTA" કોલમ સામે દર્શાવેલ " ∷ " પ્રતીક પર અથવા તેની નજીક ચિહ્ન કરવાને હકદાર રહેશે.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨-માં, સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજદૂર મૂકવોઃ-

"સ્પષ્ટીકરણ.- આ નિયમોના હેતુ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી (અનામત અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી બાબત) હુકમ, ૨૦૧૨ માં વ્યાખ્યાયિત કર્યા મુજબનો રાજકીય પક્ષ.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨ ખ-માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો ભાગ છેલ્લે ઉમેરવોઃ-

"મતદાન એકમ પર ઉમેદવારોના નામ ગોઠવવામાં આવે તે પછી, તેની નીચે "ઉપરોક્ત (ઉમેદવાર) પૈકી કોઈ નહિ (NOTA)" એ નામ સાથેની એક કોલમ રહેશે અને તેની સામે " ∷ " નું પ્રતીક મુકરર કરવામાં આવશે."

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨-ઠ-માં, પેટા-નિયમ (૩)માં, ખંડ (ખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) ઉમેદવારના નામ અને પ્રતીક સામે અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી હોય, ત્યારે જે ઉમેદવારોને તે મત આપવા માંગે છે તેમના નામ અને પ્રતીક સામે, મતદાન એકમ પર બટન દબાવીને પોતાનો મત નોંધાવશે:

પરંતુ મતદાર, કોઈ કિસ્સામાં, કોઈ ઉમેદવાર અથવા યથાપ્રસંગ, ઉમેદવારોની તરફેણમાં મતદાન ન કરવા માંગતો હોય, તો મતદાર, મતપત્ર પર જેમના નામ દર્શાવવામાં આવ્યા છે તેવા કોઈ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં મત ન આપવાની સ્વતંત્રતા ધરાવશે અને જો તે આમ કરવા ઈચ્છે છે, તો તે "NOTA" સામે મતદાન એકમ પર બટન દબાવવા હકદાર રહેશે.;

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨-ભ-માં,

(૧) પેટા નિયમ (૫)માં, "વેબસાઈટ પર દેખાશે," એ શબ્દોને બદલે, નીચેનો ભાગ ઉમેરવો:-

"વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવશે જેમાં હરીફ ઉમેદવારોના નામની તરત નીચે "ઉપરોક્ત (ઉમેદવાર) પૈકી કોઈ નહિ (NOTA)" એ શબ્દો અને તેની સામે " ∷ "ના પ્રતીકનો પણ સમાવેશ થશે";

(૨) પેટા-નિયમ (૬) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

"(૬-ક) મતદારને કોઈપણ ઉમેદવારની તરફેણમાં મતદાન ન કરવાની સ્વતંત્રતા રહેશે અને વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી હોય, ત્યારે પેટા-નિયમ (૫) હેઠળ દર્શાવ્યા મુજબ મતપત્ર પર જેમના નામ દર્શાવવામાં આવ્યા હોય તેવા કોઈ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં તે મતદાન કરવા માંગતો ન હોય અને જો તે આમ કરવા ઈચ્છે છે તો, તો તેઓ "NOTA' ની તરફેણમાં તેનો મત આપવા હકદાર રહેશે.".

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૬૨-માં, ખંડ (ઘ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ચ) "NOTA" ની તરફેણમાં સુપરત કરેલા મતોની સંખ્યા.",

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૬૪માં,

(૧) પેટા-નિયમ (૨)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:-

"(૨) તેઓ સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો પર ચૂંટાવા માટે લાયક હોય એવી સ્ત્રીઓમાંથી, પ્રથમ અને દ્વિતીય સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેવી સ્ત્રીઓને, તે બેઠકો પર ચૂંટાયેલી જાહેર કરીને, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોનું પરિણામ સૌપ્રથમ નક્કી કરશે;

(૨) પેટા-નિયમ (૩)માં, "જે વ્યક્તિને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક પર ચૂંટાયેલ જાહેર કરી હોય તે વ્યક્તિ" એ અક્ષરો અને શબ્દોને બદલે, "જે વ્યક્તિઓને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો પર જાહેર કરી હોય તે વ્યક્તિઓ" એ અક્ષરો અને શબ્દો મૂકવા.

૧૨. સદરહુ નિયમોમાં, ભાગ ૪-ક પછી, નીચેનો ભાગ દાખલ કરવો:-

"ભાગ ૪-ખ

મતદાન કરવાની ફરજ

૭૨-ચ. મતદારોની ફરજ.- આ ભાગમાં સમાવિષ્ટ નિયમોની જોગવાઈઓને અધીન રહીને, ચૂંટણીમાં મતદાન કરવાની દરેક મતદારની ફરજ રહેશે.

૭૨-છ. નોટિસ કાઢી આપવા બાબત.- (૧) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિમણૂક પામેલા ચૂંટણી અધિકારી, ચૂંટણીમાં મતદાન કરવામાં નિષ્ફળ ગયેલા મતદારને નમૂના ૨૩ માં નોટિસ કાઢી આપશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ નોટિસ મળ્યા પછી, ચૂંટણીમાં મતદાન કરવામાં નિષ્ફળ ગયા હોય તેવા મતદારે, આવી નોટિસ મળ્યાના એક મહિનાની અંદર, જરૂરી પુરાવા સાથે, આવી ચૂંટણીમાં મતદાન ન કરી શકવાના કારણ અથવા કારણો દર્શાવતો લેખિતમાં તેનો પ્રત્યુત્તર રજૂ કરવો જોઈશે:

પરંતુ આવા મતદારને, નિયમ ૭૨-ઝ-ના કોઈપણ ખંડો હેઠળ આવી ચૂંટણીમાં મતદાન કરવાની મુક્તિ આપવામાં આવી હોય, તો તેણે જરૂરી પુરાવા સાથે લેખિતમાં પોતાનો પ્રત્યુત્તર રજૂ કરવો જોઈશે.

(૩) ચૂંટણી અધિકારી, પેટાનિયમ (૨) હેઠળ મતદાર પાસેથી પ્રત્યુત્તર મળ્યેથી, વાજબી સમયની અંદર, આવા પ્રત્યુત્તરમાં દર્શાવેલ કારણ અથવા કારણોને ધ્યાનમાં લેશે અને જો તેમના મતે, મતદાર, કોઈ માન્ય અથવા પૂરતા કારણ અથવા કારણોસર આવી ચૂંટણીમાં મતદાન કરી શક્યો ન હતો, તો તે લેખિતમાં કારણો નિર્દિષ્ટ કરીને, આવા મતદારને, કસૂર કરનાર મતદાર તરીકે જાહેર કરવો જોઈશે:

પરંતુ પેટા-નિયમ (૧) હેઠળ જેને નોટિસ આપવામાં આવી છે તે મતદાર, આવી નોટિસ મળ્યાના એક મહિનાની અંદર, તેનો પ્રત્યુત્તર રજૂ કરવામાં નિષ્ફળ જાય, તો ચૂંટણી અધિકારીએ, તેને કસૂર કરનાર મતદાર તરીકે જાહેર કરશે.

(૪) ચૂંટણીમાં મત ન આપ્યો હોય તેવા મતદારને, પેટા-નિયમ (૧) હેઠળ જેને કાઢી આપેલી નોટિસના તેણે આપેલા લેખિતમાં પ્રત્યુત્તરને ધ્યાનમાં લીધા પછી, ચૂંટણી અધિકારીને ખાતરી થાય કે આવા મતદારને, નિયમ ૭૨-ઝ હેઠળ મુક્તિ આપવામાં આવી છે, તો તેઓ (ચૂંટણી અધિકારી) તેને કસૂર કરનાર મતદાર જાહેર કરશે નહિં.

(૫) પેટા-નિયમ (૩) હેઠળ કસૂર કરનાર મતદાર તરીકે જાહેર થવાના પરિણામે, મતદારે, પેટા-નિયમ (૩) હેઠળ કરવામાં આવેલો હુકમ મળ્યાના પંદર દિવસના સમયગાળાની અંદર, ચૂંટણી અધિકારીની કચેરીમાં એક સો રૂપિયાની રકમ રોકડમાં ચૂકવવાને પાત્ર રહેશે, જેના માટે જરૂરી રસીદ, ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આપવામાં આવશે.

૭૨-જ. અપીલ.- (૧) નિયમ ૭૨-છ-ના પેટા-નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીના હુકમથી નારાજ થયેલો કોઈ મતદાર, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મુકરર કરેલા અપીલ અધિકારી સમક્ષ આવો હુકમ મળ્યાની તારીખથી એક મહિનાના સમયગાળાની અંદર નમૂના ૨૪માં અપીલ કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ અપીલ અધિકારીએ, તેમની સમક્ષ કરવામાં આવેલી અપીલમાં વાજબી સમયની અંદર યોગ્ય હુકમ કરવો જોઈશે. તેમ છતાં, અપીલ અધિકારી દ્વારા અપીલ કરનારને સાંભળવાની તક આપ્યા વિના આવો કોઈપણ હુકમ કરવો જોઈશે નહિ. અપીલ અધિકારીનો હુકમ અંતિમ રહેશે.

૭૨-ઝ. મતદાનમાંથી મુક્ત.- કોઈ મતદાર,

(ક) માંદગીને કારણે મતદાન કરવા માટે શારીરિક રીતે અસક્ષમ હોય અથવા તેને આવવા અને પોતાની ફરજ બજાવવામાં બીજી શારીરિક નબળાઈ હોય, અથવા

(ખ) ચૂંટણીની તારીખે દેશ અથવા ગુજરાત રાજ્યમાં ગેરહાજર હોય, અથવા

(ગ) તેને (મતદારને) માંદગીને કારણે, હોસ્પિટલમાં અંદરના (ઈન્ડોર) દર્દી તરીકે દાખલ કર્યો હોય, અથવા

(ઘ) પંચોતેર ટકા અથવા તેથી વધુ શારીરિક અશક્તતા ધરાવતો હોય, અથવા

(ચ) ચૂંટણીની તારીખે કોઈ શૈક્ષણિક, પ્રવેશ અથવા રોજગાર સંબંધિત પરીક્ષામાં રોકાયેલો હોય, અથવા

(છ) તેને (મતદારને) ચૂંટણીની તારીખે રોજગાર માટેના ઈન્ટરવ્યુ માટે, તેને હાજર રહેવા ફરમાવ્યું હોય, અથવા

(જ) તેને ચૂંટણીની તારીખે તેને સંબંધિત કોઈ વ્યક્તિના લગ્ન, મૃત્યુ જેવી કોઈ સામાજિક વિધિઓમાં, તબીબી કટોકટી વગેરેમાં હાજર રહેવું જરૂરી હોય,

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુઓ માટે, "તેને સંબંધિત કોઈ વ્યક્તિ" એ શબ્દમાં આવી વ્યક્તિના માતા-પિતા, દાદા-દાદી, ભાઈ, બહેન, સસરા, સાસુ, પતિ, પત્ની, પુત્ર, પુત્રી, જમાઈ, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીઓનો સમાવેશ થશે, અથવા

(ઝ) તેની (મતદારની) પંચોતેર વર્ષની ઉમર થઈ ગઈ હોય, અથવા

(ટ) વ્યવસાય અથવા શિક્ષણના હેતુ માટે, ચૂંટણીની તારીખથી છ મહિના પહેલાં મતદાન કરવા તેને ફરમાવવામાં આવ્યું હોય તેવા શહેરની કોર્પોરેશનના વિસ્તારમાંથી બીજા સ્થળે સ્થળાંતર કર્યું હોય, અથવા

(ઠ) કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકાર અથવા આવી કોઈ સરકાર અથવા કોઈ પંચાયતની માલિકીના અથવા નિયંત્રિત કોઈ બોર્ડ, કોર્પોરેશન અથવા કંપનીનો કર્મચારી હોય, અથવા ખાનગી ક્ષેત્રમાં કર્મચારી હોય અને ચૂંટણીની તારીખ પહેલાં જ્યાં તેને મતદાન કરવા ફરમાવ્યું હોય તે શહેરનાં કોર્પોરેશનના વિસ્તારમાંથી તેણે (મતદારે) બીજા સ્થળે સ્થળાંતર કર્યું હોય.

તેમને ચૂંટણીમાં મતદાન કરવામાંથી મુક્તિ આપવામાં આવશે.".

૧૩. સદરહુ નિયમોમાં, નમૂના ૨-માં, પરિચ્છેદ ૧ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો;

"(૧) વોર્ડ નંબર ..... વોર્ડનું નામ ..... પરથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી યોજાવાની છે.

બેઠકોની કુલ સંખ્યા..... છે જેમાંથી

* બે બેઠકો, સ્ત્રી સામાન્ય અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ અન્ય પછાત વર્ગ માટે અનામત રાખી છે

* એક બેઠક અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/અન્ય પછાત વર્ગ માટે અનામત રાખી છે, અને

* એક બેઠક બિન-અનામત છે

---

* લાગુ ન પડતા શબ્દોને છેકી નાખવા.

૧૪. સદરહુ નિયમોમાં, નમૂના ૧૧માં, નીચેનો મજકૂર અંતે ઉમેરવો:-

* અનુક્રમ નંબર..... ઉપરોક્ત (ઉમેદવાર) પૈકી કોઈ નહિ.....

"[ ]".

૧૫. સદરહુ નિયમોમાં, નમૂનો ૧૭ ખ માં, ભાગ ૨ માં,

(૧) કોષ્ટક માં, કોલમ (૨) માં, "ઉમેદવારનું નામ" એ શબ્દોને બદલે, "ઉમેદવારનું નામ/NOTA" એ શબ્દો અને અક્ષરો મૂકવા;

(૨) કોષ્ટક માં, પહેલી કોલમમાં આંકડો "૬"ની નીચે આંકડો "૭" ઉમેરવો;

(૩) કોષ્ટક માં, બીજી કોલમમાં, કોલમ (૧) માં આવતો આંકડો "૭" ની સામે, "ઉપરોક્ત (ઉમેદવાર) પૈકી કોઈ નહિ (NOTA)' એ શબ્દો, કૌંસ અને અક્ષરો ઉમેરવા.

૧૬. સદરહુ નિયમોમાં, નમૂના ૨૧માં,

(૧) "મતદાન કરેલા માન્ય મતોની કુલ સંખ્યા" એ શબ્દોની નીચે તરત જ "નોટાની તરફેણમાં સુપરત કરેલા કુલ મતોની સંખ્યા" એ શબ્દો દાખલ કરવા.

(૨) પરિચ્છેદો ૧૨ અને ૩ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

"(૧) શ્રીમતી/કુમારી..... ને અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી/અન્ય પછાત વર્ગોની સ્ત્રી અથવા સામાન્ય બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર.

(૨) શ્રીમતી/કુમારી..... ને અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી/અન્ય પછાત વર્ગોની સ્ત્રી અથવા સામાન્ય બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર.

(૩) શ્રી/શ્રીમતી/કુમારી..... ને અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિ/અન્ય પછાત વર્ગો અથવા સામાન્ય બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર.

(૪) શ્રી/શ્રીમતી/કુમારી..... ને અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ/અન્ય પછાત વર્ગો અથવા સામાન્ય બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર."

૧૭. સદરહુ નિયમોમાં, નિયમ ૨૨ પછી, નીચેનો નમૂના ઉમેરવા:-

"નમૂનો ૨૩

(જુઓ નિયમ ૭૨ છ (૧))

નંબર : .....

કચેરીનું નામ અને સરનામું : .....

તારીખ : .....

પ્રતિ,

વિષય: ..... શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાન કરવામાં ચૂક થવા બદલ નોટિસ

શ્રીમાન,

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ ૭૨-ચ ની જોગવાઈઓ સાથે વાંચતા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૧૬-ક ની જોગવાઈઓને ધ્યાને લેતાં, ...(શહેરનું નામ), મ્યુનિસિપલ કોર્પોરેશનની, તા. .....-ના રોજ,..... (વોર્ડનું નામ અને નંબર)ના પાત્ર મતદાર તરીકે, મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં તમારા માટે મતદાન કરવું ફરજિયાત હતું.

તેમ છતાં, એવું જણાય છે કે તમે સદરહુ ચૂંટણીમાં મતદાન કરવામાં ચૂક કરી છે અને તેથી તમે ઉપર્યુક્ત અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ કર્યો છે. આથી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ ના નિયમ ૭૨-છ-ની જોગવાઈઓ હેઠળ આ નોટિસ આપવામાં આવે છે અને આ નોટિસના અનુસંધાનમાં, આ નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર નીચે સહી કરનારને, સદરહુ ચૂંટણીમાં મતદાન ન કરવા માટેના કારણ અથવા કારણો, તેના જરૂરી પુરાવા સાથે, તમને આથી, તમારો લેખિતમાં પ્રત્યુત્તર આપવાનો આદેશ કરવામાં આવે છે અને મુક્તિના જરૂરી પુરાવા સાથે, સદરહુ નિયમોના નિયમ ૭૨-ઝ-ના કોઈપણ ખંડો હેઠળ, તમને સદરહુ ચૂંટણીમાં મતદાન કરવામાં મુક્તિ આપવામાં આવી હોય, તો તે બાબત પણ તમારા પ્રત્યુત્તરમાં જણાવવાનો આદેશ કરવામાં આવે છે.

આથી, તમને જણાવવામાં આવે છે કે નિયમ છ-છ ના પેટા-નિયમો (૩) અને (૪)હેઠળ જોગવાઈ કર્યા મુજબ તમને કસ્તૂર કરનાર મતદાર તરીકે ગણવા કે નહિ, તે બાબતનો નિર્ણય, ઉપર્યુક્ત સમયમર્યાદાની અંદર મોકલવામાં આવેલો તમારો પ્રત્યુત્તર વિચારણામાં લેવામાં આવશે. તમને નોટિસ મળ્યાના એક મહિનાના સમયગાળાની અંદર, તમારો લેખિતમાં પ્રત્યુતર ન મળવાના કિસ્સામાં, તમને કસૂર કરનાર મતદાર જાહેર કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે.

ચૂંટણી અધિકારી

સહી/ સિક્કો

નમૂનો ૨૪

(નિયમ જુઓ ૭૨-ગ (૧))

પ્રતિ

અપીલ અધિકારી,

.....

(૧) હું શ્રી/શ્રીમતી/કુમારી..... ઉમર આશરે ..... વર્ષ, ... નિવાસી, આથી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ ના નિયમ ૭૨-૪-ના પેટા-નિયમ (૧)ની જોગવાઈઓ હેઠળ,..... ના રોજ યોજાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરનું નામ) ની ચૂંટણીમાં મતદાન ન કરવા બદલ મને કસૂર કરનાર

મતદાર તરીકે જાહેર કરવા માટે, ચૂંટણી અધિકારી દ્વારા પસાર કરેલા તારીખ..... હુકમ નંબર..... થી નારાજ થઈને, આપની સમક્ષ અપીલ કરું છું.

(૨) સદરહુ નિયમોના નિયમ ૭૨- છ ની જોગવાઈઓ હેઠળ ચૂંટણી અધિકારી દ્વારા મને બજાવવામાં આવેલી નોટિસના પ્રતિભાવમાં, મેં લેખિતમાં લખેલા તારીખ: ..... ના પ્રત્યુત્તરને, ચૂંટણી અધિકારીએ સમજવામાં ચૂક કરી છે, હું સદરહુ ચૂંટણીમાં મતદાન ફરી શક્યો ન હતો તે માટેના..... કારણ / કારણો દર્શાવેલા છે મેં જણાવેલા કારણ / કારણો માન્ય અને પૂરતા છે અને ચૂંટણી અધિકારીએ, સદરહુ કારણ / કારણો માન્ય અને પૂરતા છે એમ સમજવું આવશ્યક હતું અને મને કસૂર કરનાર મતદાર તરીકે જાહેર ન કરી શક્યા હોત.

(૩) ચૂંટણી અધિકારીએ કરેલ હુકમ ન્યાયી યોગ્ય નથી અને કાયદાની દૃષ્ટિએ ખામીયુક્ત છે.

(૪) ચૂંટણી અધિકારીએ કરેલ તારીખ.....ના હુકમની નકલ આ સાથે જોડી છે.

(૫) ચૂંટણી અધિકારીની તેમની તારીખ.....ની નોટિસના પ્રતિભાવમાં મેં તારીખ.....ના રોજ લેખિતમાં રજૂ કરેલા મારા પ્રત્યુત્તરની નકલ આ સાથે જોડી છે.

(૬) આ અપીલ, ઠરાવેલા સમયમર્યાદાની અંદર કરી છે અને તે સમયમર્યાદાથી બાધિત નથી.

હું, આથી, આપ નામદારને વિનંતી કરું છું કે સદરહુ ચૂંટણીમાં મતદાન ન કરવા માટેના કારણ/કારણોને માન્ય અને પૂરતાં ગણવા અને મને કસૂર કરનાર મતદાર તરીકે જાહેર કરતો તારીખ..... નો હુકમ રદબાતલ કરવા અરજ કરું છું.

સ્થળ: અપીલકર્તાનું નામ અને સહી

તારીખ: અપીલકર્તાનો સંપર્ક નંબર".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અશોકસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.16 10:07:15 IST